નં.ઈલેક/ઈવીએમ/પરિવહન/૭/૨૦૧૭

કલેકટર કચેરી,ચૂંટણી શાખા,
જિલ્લા સેવા સદન,માંડવી રોડ,
ભુજ-કચ્છ.તા.૧૭/૦૭/૨૦૧૭

વિષય :- **ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭**
**ઈવીએમ ટ્રાન્સપોર્ટેશનનો વર્કઓર્ડર.**

વંચાણ :- **(૧) સંયુકત મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરના પત્ર નં.ઈવીએમ-૧૦૨૦૧૭-છ,તા.૧/૭/૨૦૧૭.**
**(૨)અત્રેની કચેરીના પત્ર નં.ડીઈઓ/ઈલેક/મતય/ઈવીએમ/પરિવહન/૭/૨૦૧૭, તા.૫/૭/૨૦૧૭.**
**(૩)જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી,રાજકોટના વર્ક ઓર્ડર નં.ઈવીએમ/પરિવહન/૧૭,તા.૧૪/૭/૨૦૧૭.**
**(૪)અધિકૃત સહીકર્તાશ્રી,આશુ લોજિસ્ટીક એન્ડ પેકેજિંગ પ્રા.લી.,આસામ-ગૌહાટીનો તા.૧૭/૦૭/૨૦૧૭ વાળો સંમતિપત્ર.**

DISTRICT ELECTION OFFICER
सत्यमेव जयते
KACHCHH

**વર્ક ઓર્ડર** ::-

ભારતના ચૂંટણી પંચની સૂચના અનુસાર ગુજરાત રાજયની આગામી વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ અંતર્ગત વંચાણ-૧ તળેના પત્ર અનુસંધાને વંચાણ-૨ તળેના પત્રથી અત્રેથી અન્ય રાજયોમાંથી ઈવીએમ(બીયુ, સીયુ)તથા વીવીપીએટી લાવવા માટે ટૂંકી મુદતની નિવિદા બહાર પાડવામાં આવેલ.પરંતુ સમયમર્યાદામાં કે સમયમર્યાદા બાદ અત્રેની કચેરીએ નિવિદા મુજબ કોઈ ટેન્ડર રજુ થયેલ નથી.વંચાણ-૧ વાળા પત્રની સૂચના અનુસાર સદરહુ કામગીરી તા.૩૧/૭/૨૦૧૭ પહેલા પૂર્ણ કરવાની રહેતી હોઈ પરિવહન માટેની એજન્સી તા.૧૨/૭/૨૦૧૭ સુધીમાં નકકી કરવા જણાવેલ.જેથી વંચાણ-૨ વાળા પત્રથી અત્રેથી આપવામાં આવેલ નિવિદા મુજબ કોઈ ટેન્ડર રજુ થયેલ ન હોઈ અન્ય જિલ્લામાંથી મંજૂર થયેલ ભાવો મુજબ એજન્સીને કામગીરી સોંપવા નિર્ણય કરવામાં આવેલ.જે પરત્વે વંચાણ-(૩)વાળા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી,રાજકોટના વર્ક ઓર્ડરથી પંજાબ અને ઉતરપ્રદેશ રાજયમાંથી ઈવીએમ/વીવીપીએટીના પરિવહન માટે નીચેની વિગતે મંજુર થયેલ ભાવો મુજબ આશુ લોજિસ્ટીક એન્ડ પેકેજિંગ પ્રા.લી.,આસામ-ગૌહાટીને પરિવહનની કામગીરી આપવામાં આવેલ છે.

**પત્રક-અ**

| ક્રમ | રાજયનુ નામ | એક વાહનનુ ભાડુ પ્રતિ કી.મી.રૂા. | લોડીગ - અનલોડીગનો ભાવ રૂા.(પ્રતિ વાહન) |
|---|---|---|---|
| | | આશુ લોજીસ્ટીક એન્ડ પેકેજીગ પ્રા. લિ.,આસામ (મંજુર થયેલ ભાવ) | આશુ લોજીસ્ટીક એન્ડ પેકેજીગ પ્રા. લિ. (મંજુર થયેલ ભાવ) |
| ૧. | પંજાબ | 70 | 21,000 |
| ૨. | ઉત્તર પ્રદેશ | 65 | 11,000 |

ઉપરાંતમાં અત્રેના જિલ્લાને કર્ણાટક તેમજ ઝારખંડ રાજયમાંથી પણ વીવીપીએટીનું પરિવહન કરવાનું થાય છે.જેથી ઉકત એજન્સી દવારા અન્ય જિલ્લામાં કર્ણાટક તેમજ ઝારખંડ રાજય માટે રજુ થયેલ ભાવો અત્રેની કચેરીએ નીચે મુજબની વિગતે એજન્સીના પ્રતિનિધિશ્રી તરફથી રજુ થતા એજન્સીના અધિકૃત સહીકર્તા સાથે

તા.૧૭/૭/૧૭ના રોજ નેગોશીયેશન કરતા એજન્સીના અધિકૃત સહીકર્તા દવારા વંચાણ–૪ વાળા પત્રથી ભાવો નકકી કરવામાં આવેલ.જે અન્વયે નીચેની વિગતે પત્રક–બ મુજબના ભાવ નકકી કરી અને પત્રક–અ મુજબ પંજાબ, ઉતરપ્રદેશ, ઝારખંડ અને કર્ણાટક રાજયમાંથી ઈવીએમ/વીવીપીએટીના પરિવહન માટે તથા લોડીગ– અનલોડીગ કામગીરી માટે આશુ લોજિસ્ટીક એન્ડ પેકેજિંગ પ્રા.લી.,આસામ–ગૌહાટીને નીચેની શરતોને આધીન વર્ક ઓર્ડર આપવામાં આવે છે.

| ક્રમ | રાજયનુ નામ | એક વાહનનુ ભાડુ પ્રતિ કી.મી.રૂ. | | લોડીગ – અનલોડીગનો ભાવ રૂ. | |
|---|---|---|---|---|---|
| | | આશુ લોજીસ્ટીક એન્ડ પેકેજીગ પ્રા. લિ. (અન્ય જિલ્લામાં રજુ થયેલ ટેન્ડર મુજબના ભાવ) | આશુ લોજીસ્ટીક એન્ડ પેકેજીગ પ્રા. લિ. (નિગોશીએશન બાદના ભાવ) | આશુ લોજીસ્ટીક એન્ડ પેકેજીગ પ્રા. લિ. (અન્ય જિલ્લામાં રજુ થયેલ ટેન્ડર મુજબના ભાવ) | આશુ લોજીસ્ટીક એન્ડ પેકેજીગ પ્રા. લિ. (નિગોશીએશન બાદના ભાવ) |
| ૧. | ઝારખંડ | 63 | 61 | 20000 | 18000 |
| ૨. | કર્ણાટક | 73 | 71 | 40000 | 38000 |

**શરતો :–**

૧) વાહનના ભાવમાં અન્ય તમામ કરવેરાનો સમાવેશ થયેલો ગણાશે.એટલે કે કોઈપણ સ્થળ ઉપર ભરવા પડતા વેરા,દંડ,ટેક્ષની રકમ અલગથી આકરવાની રહેશે નહી.તેમજ વાહનમાં ઉભી થતી યાંત્રિક ખામી અંગેની જવાબદારી કોન્ટ્રાકટર/એજન્સીની રહેશે.

૨) ઈવીએમ/વીવીપીએટી લેવા માટે અત્રેથી નિમણૂંક પામેલા અધિકારીના નિયંત્રણ હેઠળ જ આ વાહનોએ મુવમેન્ટ કરવાની રહેશે એટલે કે સંબંધિત અધિકારી તે વાહન કે વાહનોની સાથે જ રહેશે.ડ્રાઈવર પોતાની મરજી મુજબ કે મનસુફીનો રુટ નકકી કરીને ચાલી શકશે નહી.

૩) વાહન ડ્રાઈવરનો સંપૂર્ણ ખર્ચ કોન્ટ્રાકટ લેનારે ભોગવવાનો રહેશે એટલે કે સાથે આવતા અધિકારી કે કર્મચારીએ ડ્રાઈવરો અને કલીનરોના રહેવા જમવાની વ્યવસ્થા જોવાની રહેશે નહી કે તે બાબતે ચૂકવણું કરવાનું રહેશે નહી.

૪) તમામ વાહનો ઉપર જીપીએસ લગાવવાના રહેશે.

૫) બંધ બોડીના ટ્રકને દરવાજા હોવા જરૂરી છે એટલે કે તેનું સીલીગ થઈ શકે તેવા પ્રકારના દરવાજા વાળા વાહનો પુરા પાડવાના રહેશે.

૬) જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી,કચ્છ દ્વારા લેવામાં આવેલ નિર્ણય આખરી ગણાશે.

૭) વેન્ડર કોઈ પણ રાજકીય પક્ષના સભ્ય અથવા પક્ષ સાથે કોઈ પણ પ્રકારે જોડાણ અથવા કોઈ પણ રાજકીય પક્ષ કે ચૂંટણી લડતા ઉમેદવાર સાથે હિત સંબંધ ધરાવનાર હોવા જોઈએ નહી.

૮) **કરાર ખત ::**

વેન્ડરે ભાવ મંજૂરીનો વર્ક ઓર્ડર મળ્યે તુરત જ અત્રેથી જણાવવામાં આવેલ તેવા પ્રકારનું કરારખત કરી આપવાનું રહેશે.આ કરારખત કરી આપવા અંગે મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ –૧૯૫૮ અને તે હેઠળના નિયમો અનુસાર નિયત દર મુજબ સ્ટેમ્પ ડયુટી વેન્ડરે ભોગવવાની રહેશે.

૯) વિવાદ :

આ કામના હુકમ/કરાર બાબતે કોઈપણ વિવાદ અને કાનુની ગૂંચ ઉદભવે તો તે અંગેની બાબતનો કાર્યક્ષેત્ર ભુજ ન્યાયાલય રહેશે.

૧૦) ઈન્શ્યોરન્સ અને ડીટેન્શન ચાર્જની જવાબદારી વેન્ડરની રહેશે.

૧૧) ચૂકવણીની શરતોઃ

(૧૧.૧) પૂરી પાડેલ સેવાના બીલો જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીના નામે બનાવી રજૂ કરવાના રહેશે.

(૧૧.૨) બીલો ની ચૂકવણી નિયત દરે ટી.ડી.એસ. કપાત કરી બાકીની રકમ "એકાઉન્ટ પે" ના ચેકથી/ઈ–પેમેન્ટથી કરવામાં આવશે.

(૧૧.૩) વેન્ડર કોઈ કામગીરીમાં નિષ્ફળ ગયા હોય અથવા કોઈ શરતનો ભંગ થયેલ હોય,તો તે અન્વયેના શિક્ષાત્મક પગલાને આધિન દંડ વગેરેની રકમ બીલની રકમમાંથી વસુલવામાં આવશે.

(૧૧.૪) બીલોની ચૂકવણી ગ્રાન્ટની ઉપલબ્ધી થયે કરવામાં આવશે.

(૧૧.૫) નિયમાનુસાર ભરવા પાત્ર તમામ પ્રકારના ટેકસ વેન્ડરે ભરવાના રહેશે.

૧૨) આ વર્કઓર્ડર મુજબના ભાવ આ હુકમ થયાની તારીખથી એક વર્ષ સુધી માન્ય રહેશે.

DISTRICT ELECTION OFFICER KACHCHH

જિલ્લા ચૂંટણી અધિકારી
અને
કલેકટર કચ્છ

પ્રતિ,
આશુ લોજિસ્ટીક એન્ડ પેકેજીગ પ્રા. લિ.
ગૌહાટી – આસામ.

**નકલ રવાના ::**
(૧) ચૂંટણી અધિકારી / મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી ...... તમામ
(૨) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ભુજ–કચ્છ
(૩) હિસાબી ટેબલ.

**નકલ સવિનય રવાના ::**
મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, સરદાર ભવન,
બ્લોક નં.–૭/૨, નવા સચિવાલય,ગાંધીનગર.
......... ઉક્ત વિગતે પરિવહન કામગીરીની અગત્યતાને ધ્યાને લઈ વર્ક ઓર્ડરને બહાલી આપવા વિનંતી છે.